ગાંધીનગર સમાચાર

દહેગામના દાનાભાઈ પરાની રીન્કલ સોલંકી સ્કોલરશીપની પરીક્ષામાં રાજ્યમાં ૧૫મા ક્રમે

શહેરમાં પતંગ પર્વની ભવ્ય ઉજવણી

ઉતરાયણના દિવસે વહેલી સવારથી જ પવન સાનુકુળ રહેતા પતંગરસિયાઓ ગેલમાં : વાસી ઉતરાયણના દિવસે રવિવારની રજા હોવાથી ઉત્સાહ બેવડાયો : ચાઇનીઝ બનાવટની આઇટમો પર પ્રતિબંધ વચ્ચે ગુબ્બારાથી આકાશ ભરાયુ : ધાબા પર પતંગોત્સવની ઉજવણી વચ્ચે ઉંધિયા જલેબીની ઉજાણી

ગાંધીનગર તા ૧૫

પવનની દિશા અને દશા ફેવરેબલ રહેતા નગરજનોએ ઉતરાયણના પર્વની દિલથી મજા માંણી હતી. ઉતરાયણના દિવસે સવારથી જ સુસવાટા મારતા પવન વચ્ચે આકાશમાં રંગબેરંગી પતંગોના પેચા વચ્ચે કાપ્યો અને લપેટની બુમથી ધાબા ગાજયા હતા. દિવસે પતંગોત્સવની મજા બાદ સાંજ ઢળતા જ આકાશમાં ગુબારા ઉડતા નજરે પડ્યા હતા. રાત્રિના ગરબાની રમઝટ અને આંતશબાજી સાથે ઉતરાયણ પર્વની મજા બેવડાઈ હતી. જયારે વાસી ઉતરાયણ પણ આ વખતે રવિવારે હોવાથી સતત બીજા દિવસે પણ આકાશ રંગબેરંગી પતંગોથી ઉભરતુ જોવા મળ્યુ હતુ. જયારે ચાઈનીઝ બનાવાટના પ્રતિબંધ વચ્ચે પણ આકાશ ગુબારાથી ભરાયેલુ જોવા મળ્યુ હતુ.

ઉતરાયણના પર્વ દરમિયાન પવને યારી આપતા પતંગરસિયાઓએ મનમુકીને પતંગ ચગાવાની મજા માંણી હતી. શનિવારે ઉતરાયણના દિવસે સવારથી જ પવન ફેવરેબલ રહેતા વહેલી સવારથી જ પતંગ રસિયાઓ ધાબે ચઢી ગયા હતા. જયારે પલવારમાં જ આકાશમાં પતંગોનો રંગીન નઝારો જોવા મળ્યો હતો. એ કાપ્યો અને લપેટની બુમો વચ્ચે સેકટરોના ધાબામાંથી ઉઠતી બુમોએ ઉતરાયણના પર્વને વધુ ધમાકેદાર બનાવી દિધુ હતુ. સેકટરોમાં પતંગ રસિયાઓએ ધાબા પર ડી જે ના સુર વચ્ચે અવનવા ગીતોની પણ રંગત માંણી હતી. જયારે બપોરના સમયે ધાબા પર ઉંધિયા જલેબીની જયાફત પણ ઉડી હતી. બપોર થતા પવનની ગતિ મંદ પડી જતા પતંગરસિયાઓ પણ આરામ ફરમાવતા નજરે પડયા હતા. જયારે બપોર બાદ સાંજે ફરિ જોરદાર પવન શરૂ થતા આકાશમાં પંતગી યુધ્ધ જામ્યુ હતુ. સાંજ ઢળતા પતંગની સાથે અવનવા ફટાકાની મજા પણ નગરજનોએ માંણી હતી.

● અનુસંધાન પાન-૭ પર

દહેગામના દાનાભાઈ પરાની રીન્કલ સોલંકી સ્કોલરશીપની પરીક્ષામાં રાજ્યમાં ૧૫મા ક્રમે

જિલ્લાના ૧૦ બાળકો ૧ થી ૫૦માં રાજ્યકક્ષાએ સ્થાન પામ્યા : વાવોલના ૧૦ બાળકોમાંથી ૭ ક્વોલીફાય થયા તો ૧ બાળક મેરીટમાં સ્થાન પામ્યો : વાર્ષિક રૂ. ૬ હજારની સ્કોલરશીપ મળશે

ગાંધીનગર, તા. ૧૫

રાષ્ટ્રીય મેરીટ સ્કોલરશીપ અંગે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા લેવાયેલ પરીક્ષામાં ગાંધીનગર જિલ્લાના ૧૦ થી વધુ વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષાએ ૧ થી ૫૦માં સ્થાન મેળવી અને જિલ્લાનું ગૌરવ વધારેલ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે આ સ્કોલરશીપની પરીક્ષામાં જિલ્લાના ૩૨૭૪ વિદ્યાર્થીઓએ ઉમેદવારી નોંધાવી હતી. જેમાંથી સ્કોલરશીપ માટે ૧૩૫ બાળકો મેરીટમાં આવ્યા છે જ્યારે કુલ ૧૨૫૧ બાળકો પરીક્ષા માટે ક્વોલીફાય થયા છે.

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લામાં સરેરાશ રોજ દસ વ્યક્તીને કૂતરા કરડે છે

સૌથી વધુ માણસાના પુંધરામાં ૨૬૦ કેસ નોંધાયા : ૨૭૫ દિવસમાં ૨૭૫૦ કેસ કૂતરા કરડવાના નોંધાયા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર જિલ્લામાં સરેરાશ રોજના દસ વ્યક્તીઓને કૂતરા કરડ્યા છે. આ હકીકત છે અને તેમાં પણ સૌથી વધુ કેસ માણસા તાલુકાના પુંધરા પ્રા.આ. કેન્દ્ર ખાતે ૨૬૦ નોંધાયા છે.

એપ્રિલ-૧૬થી ડિસેમ્બર-૧૬ વચ્ચેના ૨૭૫ દિવસમાં ૨૭૫૦ લોકોને કૂતરા કરડવાની સારવાર જિલ્લાના આરોગ્ય કેન્દ્રોમાં આપવામાં આવી છે. ૨૭૫ દિવસમાં ૨૭૫૦ ઘટના એટલે સરેરાશ રોજના દસ વ્યક્તીઓને કૂતરા કરડ્યાની ઘટનાથી ઈજાગ્રસ્ત થયા છે.

જિલ્લામાં સૌથી વધુ કેસ પુંધરા પ્રા.આ. કેન્દ્ર ખાતે નોંધાયા છે. આ સમયગાળામાં ૨૬૦ જેટલા કેસ નોંધાયા છે. અર્થાત રોજ એક વ્યક્તીને અહિ સરેરાશ મુજબ સારવાર આપવામાં આવી છે.

ડિસેમ્બર મહિના ઉપરાંત ઓક્ટો. અને નવેમ્બર મહિનામાં કૂતરા કરડવાની ઘટનાઓ સમગ્ર જિલ્લામાં સરેરાશ કરતાં વધુ નોંધાઈ છે.

ગાંધીનગર જિલ્લામાં ૫ હજારથી વધુ કૂતરાઓની વસતી છે તે પણ નોંધનીય છે. ગ્રામ્ય વિસ્તારમાં કૂતરા કરડવાની ઘટનાઓ સૌથી વધુ નોંધાઈ છે.

તાજેતરમાં જિલ્લા આરોગ્ય કેન્દ્રોમાં અપાયેલી સારવારનો અહેવાલ તૈયાર કરવામાં આવ્યો તેમાં આ હકીકતો દર્શાવવામાં આવી છે.

શ્રદ્ધાંજલિ

સ્વ. પલ્લવીબેન વલ્લભકુમાર દેસાઈ

સ્વ. તા. ૧૬-૧-૨૦૧૨

આપનો સાથ અમારો વિશ્વાસ હતો.
દરિયા જેવું નિખાલસ હૃદય સૂર્ય જેવુ તેજસ્વી
જીવન ચંદ્ર જેવો શીતળ સ્વભાવ અને આપના
કુટુંબપ્રેમની યાદથી જ આંખો ભીંજાઈ જાય છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને
ચિર શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

દિશા વલ્લભકુમાર દેસાઈ — વલ્લભકુમાર એચ. દેસાઈ
રૂચિતા અભયકુમાર શાહ — અભય પી. શાહ (જમાઈ) (C.A.)

તથા સમસ્ત પરિવારના જય શ્રી કૃષ્ણ

બેસણું

મારા સુપુત્ર **ભરતભાઈ ગોરધનભાઈ પટેલ** (જુનાગઢવાળા) (ઉ.વ.-૫૨) નું તા.૧૫-૧-૧૭ ને રવિવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. **સદ્‌ગતનું બેસણું તા.૧૬-૧-૧૭ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૧ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ :- અંબાજી મંદિર, સેક્ટર-૮/બી, ગાંધીનગર

ગોરધનભાઈ જી. પટેલ (પિતા) (માજી. ધારાસભ્ય, જુનાગઢ)
સંજય ગોરધનભાઈ પટેલ (ભાઈ)
વિણાબેન ભરતભાઈ પટેલ (પત્નિ)
અંકુલ ભરતભાઈ પટેલ (પુત્ર)
અભય ભરતભાઈ પટેલ (પુત્ર)

મંડપ
કેટરીગ
લાઇટીગ
ફલાવરીગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા કેટરર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે...૩૫ મી તેની વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો
અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ
૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર
પીલર, બેનર્સ...
93 761 80003
93 288 9 3535
89 80 10 1515
અમી

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
KisaN®
ashirvad
BENELAVE
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર,
કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન)
ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા,
સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર
તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com